# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૪/૩૭૩૯ તા.૨૧/૦૬/૨૦૨૪

**પરિપત્ર-૩૩૯૬**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય પી. જી. કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા સંબંધિત વિદ્યાર્થીઓને જણાવવાનું કે, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૫ માં પાસ હોય અને સેમેસ્ટર-૬ માં ફક્ત ૨ (બે) વિષયમાં નાપાસ હોય તેવા તથા બી.એડ. અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૩ માં પાસ હોય અને સેમેસ્ટર-૪ માં ફક્ત ૨(બે) વિષયમાં નાપાસ હોય માત્ર તેવા વિદ્યાર્થીઓની ખાસ કિસ્સામાં લેવાનાર પુરક પરીક્ષાના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

| Sr | Course | Semester | Exam Fee | Practical Fee | Form Fee | Total Fee | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|
| 1. | B.A. | 6 | 550 | 825 | 50 | 1425 | 02/07/2024 |
| 2. | B.Com. | 6 | 550 | 0 | 50 | 600 | 02/07/2024 |
| 3. | B.Sc. | 6 | 550 | 825 | 50 | 1425 | 02/07/2024 |
| 4. | LL.B. | 6 | 550 | 825 | 50 | 1425 | 02/07/2024 |
| 5. | B.C.A. | 6 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 6. | B.S.W. | 6 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 7. | B.R.S. | 6 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 8. | B.B.A. | 6 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 9. | B.Ed. | 4 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 10. | M.A. | 4 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 11. | M.Com. | 4 | 825 | 0 | 50 | 875 | 02/07/2024 |
| 12. | M.S.W. | 4 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 13. | M.Ed. | 4 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 14. | LL.M. | 4 | -- | 825 | 50 | 875 | 02/07/2024 |
| 15. | M.R.S. | 4 | 825 | 1250 | 50 | 2125 | 02/07/2024 |
| 16. | M.Sc. | 4 | 1100 | 1650 | 50 | 2800 | 02/07/2024 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

- સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી વેરીફાઈ કરવાના રહેશે.

- સ્નાતક અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૫ માં પાસ હોય અને સેમેસ્ટર-૬ માં યુનિવર્સિટી કક્ષાની લેખિત/પ્રાયોગિક પરીક્ષાનાં કોઈપણ ૨ વિષયમાં નાપાસ હોય ફક્ત તેવા જ વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૬ ની મહત્તમ ૨ વિષયની પરીક્ષાના આવેદન પત્રો કોલેજે ભરવાના રહેશે. (દા.ત. કોઈ વિદ્યાર્થી સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૫ માં પાસ હોય અને માત્ર સેમેસ્ટર-૬ ની ૧ વિષયની લેખિત પરીક્ષા અને ૧ વિષયની પ્રાયોગિક પરીક્ષા અથવા ૨ વિષયની લેખિત પરીક્ષા અથવા ૨ વિષયની પ્રાયોગિક પરીક્ષામાં નાપાસ હોય ફક્ત તેવા વિદ્યાર્થીઓના મહત્તમ ૨ વિષયની પરીક્ષાના આવેદન પત્રો ભરવાના રહેશે.)
- અનુસ્નાતક તથા બી.એડ. અભ્યાસક્રમમાં જે વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૩ માં પાસ હોય અને સેમેસ્ટર-૪ માં યુનિવર્સિટી કક્ષાની લેખિત/પ્રાયોગિક પરીક્ષાનાં કોઈપણ ૨ વિષયમાં નાપાસ હોય ફક્ત તેવા જ વિદ્યાર્થીઓના સેમેસ્ટર-૪ ની મહત્તમ ૨ વિષયની પરીક્ષાના આવેદન પત્રો કોલેજે ભરવાના રહેશે. (દા.ત. કોઈ વિદ્યાર્થી સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૩ માં પાસ હોય અને માત્ર સેમેસ્ટર-૪ ની ૧ વિષયની લેખિત પરીક્ષા અને ૧ વિષયની પ્રાયોગિક પરીક્ષા અથવા ૨ વિષયની લેખિત પરીક્ષા અથવા ૨ વિષયની પ્રાયોગિક પરીક્ષામાં નાપાસ હોય ફક્ત તેવા વિદ્યાર્થીઓના મહત્તમ ૨ વિષયની પરીક્ષાના આવેદન પત્રો ભરવાના રહેશે.)
- **ઉપરોક્ત મહત્તમ ૨ વિષયની પરીક્ષાના નિયમ સિવાયના પરીક્ષા આવેદનપત્રો માન્ય ગણાશે નહી અને તેની સઘળી જવાબદારી કોલેજની રહેશે. વધુમાં આ માટે ફોર્મ ભરતા પહેલા વિદ્યાર્થીઓની માર્કશીટની ખરાઈ કરી લેવી.**.
- ***જે વિદ્યાર્થીઓને જે ફી લાગુ પડતી હોય તે જ ફી ભરવાની રહેશે.*** (દા.ત. જે વિદ્યાર્થીને યુનિવર્સિટી કક્ષાની પ્રાયોગિક પરીક્ષા (એક્સ્ટર્નલ પ્રેક્ટીકલ એક્ઝામ) આપવાની થતી ન હોય તેવા વિદ્યાર્થીઓની પ્રેક્ટીકલ એક્ઝામ ફી પરીક્ષા ફોર્મમાં દર્શાવી હોય તો પણ ભરવાની અને જમા કરાવવાની રહેશે નહી.)
- પરીક્ષા આવેદનપત્રના ચેકલીસ્ટમાં સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેમની સહી કરાવવાની રહેશે. વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રના ચેકલીસ્ટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.
- *આચાર્યશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ ૨ (બે) કોપીમાં તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ* ***ચેકલીસ્ટ રીપોર્ટ અને વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રોની ૧ (એક) કોપી તા.૦૪/૦૭/૨૦૨૪ સુધીમાં ફરજીયાતપણે યુનિવર્સિટી કાર્યાલયમાં ફક્ત રૂબરૂમાં જ જમા કરાવવાનાં રહેશે અન્યથા પ્રતિ દિવસ મુજબ લેટ ફી લાગુ પડશે.***

- પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કક્ષાની પ્રાયોગિક પરીક્ષા આપવાની થતી હોય તેના ફોર્મ ઓનલાઈન પોર્ટલમાં ભરવાના અને વેરીફાઈ કરવાના રહેશે સાથે-સાથે તેની માહિતી આ સાથે સામેલ પત્રકમાં તૈયાર કરી ફરજીયાતપણે ચેકલીસ્ટ સાથે જમા કરાવવાની રહેશે.
- યુનિવર્સિટી ખાતે ચેકલીસ્ટ મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ.
- કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે પરીક્ષા ફોર્મ અર્થે મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

- પરીક્ષા આવેદન ફીની કુલ રકમમાંથી વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને નિયમ મુજબની પૂરી ફી ભરવી.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

બિડાણ : પ્રાયોગિક પરીક્ષા અંગેનું માહિતી પત્રક

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનાં ભવનોના પ્રોફેસરશ્રીઓ/ કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય પી. જી. કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

## પ્રાયોગિક પરીક્ષા આપવાની થતી હોય
## તેવા વિદ્યાર્થીઓનું માહિતી પત્રક

કોલેજનું નામ : ..............................................................................................................................................

| Sr. | SPID No | Name | Course | Subject |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

કોલેજના આચાર્યશ્રીની સહી અને સિક્કો